<u>ફોજદારી અપીલ નં. ૪૩/૨૦૨૬</u>

<u>// આંક–૧ લગત હુકમ //</u>

૧. હાલની આ અપીલ એપેલેન્ટ/ મુળ આરોપી સામે મુળ ફરીયાદી ધ્વારા એક ફરીયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ફોજદારી કેસ નં. ૩૨૮/૨૦૨૪ થી નોંધવામાં આવેલ. જે વસોના વિધ્વાન જયુડી. મેજી.શ્રીની અદાલતે આ કામના એપેલેન્ટ / મુળ આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમનો દંડ તરીકે જમા કરાવવા અને તેમાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સાદી કેદની સજા અને દંડની રકમ જમા કરાવ્યેથી ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ તા. ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલો તે હુકમથી નારાજ થઈ હાલની આ અપીલ કરેલી છે.

૨. અપીલ ચાલતા દરમયાન એપેલેન્ટ / મુળ આરોપી અને રીસ્પોન્ડન્ટ / મુળ ફરીયાદી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને આંક–૭ થી સમાધાન અરજી રજુ કરેલ છે અને સમાધાનમાં જણાવવામાં આવેલ છે કે, આ કામના એપેલેન્ટે ચેકની લેણી ચુકવી આપેલ છે અને હવે કોઈ ફરીયાદીનું લેણુ બાકી નીકળતુ ના હોઈ વિધ્વાન નીચેની અદાલતનો હુકમ રદબાતલ ઠરાવવામાં આવે તો વાંધો નથી તેમ જણાવેલ છે.

૩. આજરોજ પક્ષકારો તથા તેમના વિધ્વાન વકીલશ્રીઓ કોર્ટમાં હાજર છે અને સમાધાનની હકીકતો કબુલ રાખેલ છે.

૪. ઉપરોકત સંજોગો, વિગતો, હકીકતો ધ્યાને લેતા અપીલ ચાલતા દરમ્યાન બન્નેપક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ –૧૪૭ મુજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબનો ગુનો સમાધાન લાયક હોય અપીલના કામે પણ સમાધાન ગ્રાહય રાખવાની આ અદાલતને સતા હોય અને પક્ષકારો વચ્ચે લોક અદાલતમાં સમાધાન થયેલ હોય લોક અદાલતનો હેતુ ધ્યાને લેતા કમ્પાઉન્ડીંગ ચાર્જ સંબંધે કોઈ હુકમ ન કરતા પક્ષકારો

વચ્ચેનું સમાધાન મંજુર રાખી વસોના વિધ્વાન જયુડી. મેજી. શ્રીએ ફોજદારી કેસ નં. ૩૨૮/૨૦૨૪ ના કામે તા. ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ રદબાતલ ઠરાવવામાં આવે છે અને એપેલેન્ટ/મુળ આરોપીને સદરહુ કેસમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. એપેલેન્ટ / મુળ આરોપીના જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સદર હુકમની નકલ વિધ્વાન નીચેની અદાલતને મોકલી આપવી.

***તા. ૧૪/૦૩/૨૦૨૫***
*નડીઆદ.*

**( નિલેશ અરૂણકાંત અંજારીઆ)**
*પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ*
*નડીઆદ.*
*જીજે ૦૦૪૬૨*